**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**
**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

**ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - પ્રથમખંડ**

**પ્રશ્નપત્ર - ૧**

(સમય : સવારે ૯ થી૧૨) | રવિવાર, ૩ માર્ચ, ૨૦૧૩ | કુલ ગુણ : ૧૦૦

**☞ અગત્યની સૂચના ☜**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ☐ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

**(વિભાગ-૧ 'વચનામૃત' નવી આવૃત્તિના આધારે)**

**અભ્યાસક્રમના વચનામૃતઃ** ગ. પ્ર.-૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૪, ૨૭, ૩૭, ૪૪, ૪૭, ૫૦, ૬૦, ૬૭, ૬૮, ૭૧, ૭૬, સા-૭, પં.૩, ૭.

**પ્ર.૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. કુશાગ્રબુદ્ધિવાળો કોને કહેવાય ? (પ્ર.૫૦/૯૪)

જ. જે કલ્યાણને અર્થે જતન કરે છે ને તેની બુદ્ધિ થોડી છે તો પણ તે કુશાગ્રબુદ્ધિવાળો છે.

૨. નાસ્તિકપણાના હેતુઓ લખો. (પ્ર.૬૮/૧૩૫)

જ. નાસ્તિકના ગ્રંથ સાંભળવા, એ ગ્રંથને વિષે જેને પ્રતીતિ હોય તેનો સંગ કરવો, કામ, ક્રોધ, લોભ, અહંકાર, માન અને ઈર્ષ્યા એ નાસ્તિકપણાના હેતુઓ છે.

૩. ગ. પ્ર. ૩૭ પ્રમાણે શ્રીજીમહારાજને કોણ ન ગમે ? (પ્ર.૩૭/૬૪)

જ. નારદજી જેવો ગુણવાન હોય ને તેને ભગવાનની ભક્તિ ન હોય તો તે શ્રીજીમહારાજને ન ગમે.

૪. જ્ઞાનપ્રલય કોને કહેવાય ? (પ્ર.૨૪/૩૭)

જ. જ્ઞાનને વિષે સ્થિતિ થાય છે ત્યારે પ્રકૃતિપુરુષ ને પ્રકૃતિપુરુષનું જે કાર્ય તે કાંઈ નજરમાં આવતું નથી. એને જ્ઞાનપ્રલય કહેવાય.

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)**

૧. કોના ઉપર શ્રીજીમહારાજને વગર કર્યું સહેજે જ હેત થાય છે ? (પ્ર.૭૬/૧૫૯ )

જ. 'જેને પંચ વર્તમાનમાં કોઈ વાતે ખોટ્ય ન હોય અને ગમે તેવા વચનના ભીડામાં લઈએ, અને એનું ગમતું મુકાવીને અમારા ગમતામાં રાખીએ તો પણ કોઈ રીતે દેહ પર્યંત મૂંઝાય નહીં, એવો હોય તે પાકો સત્સંગી છે અને એવા હરિભક્ત ઉપર અમારે વગર કર્યું સહજે જ હેત થાય છે.'

૨. ગ. પ્ર.૬૭માં શ્રીજીમહારાજ કેવા સત્પુરુષની વાત કરે છે ? (પ્ર.૬૭/૧૩૨)

જ. કોઈ સત્પુરુષ છે તેને આ લોકના સુખમાં તો પ્રીતિ જ નથી અને પરલોક જે ભગવાનનું ધામ તથા ભગવાનની મૂર્તિ તેને વિષે વાસના છે. અને જે તેનો સંગ કરે તેનું પણ એવી જ જાતનું હિત કરે જે, 'આ મારો સંગી છે તેને આ સંસારની વાસના તૂટી જાય ને ભગવાનને વિષે પ્રીતિ થાય તો ઘણું સારું છે.' અને જેટલું કાંઈ જતન કરે તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ગયા કેડે સુખ આપે એવું જ કરે, પણ દેહના સુખને અર્થે તો કાંઈ ક્રિયા કરે જ નહીં. એવા સત્પુરુષની વાત શ્રીજીમહારાજ ગ. પ્ર. ૬૭માં કરે છે.

૩. 'જીવ જેવી સોબત કરે તેવું અંતઃકરણ થાય' તે ગ.પ્ર.૧૮ના આધારે સમજાવો. (પ્ર.૧૮/૨૬)

જ. સાત માળની હવેલી હોય, વિષયી જન બેઠા હોય અને દારૂના શીશા પરસ્પર પાતા હોય, વેશ્યાઓ થેઈથેઈકાર કરી રહી હોય તે સભામાં જે જન જઈને બેસે તે સમે તેનું અંતઃકરણ બીજી જાતનું થઈ જાય છે. તૃણની ઝૂંપડી હોય ને તેમાં ફાટેલ

ગોદડીવાળા પરમહંસની સભા બેઠી હોય અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ને ભક્તિ સહવર્તમાન ભગવદ્‌વાર્તા થાતી હોય, તે સભામાં જઈને જે જન બેસે ત્યારે તે સમે તેનું અંતઃકરણ બીજી રીતનું થાય છે. માટે સત્સંગ અને કુસંગને યોગે કરીને જેવું અંતઃકરણ થાય છે. તેને વિચારીને જુએ તો જાણ્યામાં આવે અને ગબરગંડને તો કાંઈ ખબર પડતી નથી.

૪. ગ.પ્ર. ૪૭ પ્રમાણે ભક્તિનિષ્ઠાવાળા ભક્તનાં લક્ષણ જણાવો. (પ્ર.૪૭/૯૦)

જ. જેને ભક્તિનિષ્ઠા પ્રધાન હોય તેને તો એક ભગવાનના સ્વરૂપને વિષે જ અતિશય દૃઢ પ્રીતિ વર્તે અને તે ભગવાનના સ્વરૂપથી અન્ય એવા જે માયિક પદાર્થ તેને વિષે પોતાના મનની વૃત્તિને ધારી શકે નહીં. પ્રેમે કરીને ભગવાનને વસ્ત્ર-અલંકારનું ધારણ કરે, અને તે ભક્તને ભગવાનનાં મનુષ્યચરિત્ર તેના શ્રવણને વિષે અતિશય રુચિ વર્તે, જે ભક્તને ભગવાનને વિષે પ્રેમને દેખે તે ભક્તને વિષે જ તેને પ્રીતિ થાય. તે વિના પુત્રાદિકને વિષે પણ ક્યારેય પ્રીતિ ન થાય. તે ભક્તને ભગવાન સંબંધી ક્રિયાને વિષે જ નિરંતર પ્રવૃત્તિ હોય.

**પ્ર.૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ <u>એક</u> દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૩ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

૧. **ડગલાનું દૃષ્ટાંત (પ્ર.૪૪/૮૩) દૃષ્ટાંત :** જેમ કોઈક પુરુષ હોય તેણે દરજીને ઘેર જઈને ડગલો સિવાડીને પહેર્યો, ત્યારે તે એમ માને જે, દરજી તે મારો બાપ છે ને દરજણ તે મારી મા છે,' એમ જે માને તે મૂર્ખ કહેવાય; તેમ આ જીવને આ દેહરૂપ જે ડગલો તે ક્યારેક તો બ્રાહ્મણ ને બ્રાહ્મણી થકી ઉત્પન્ન થાય છે અને ક્યારેક તો નીચ જાતિમાંથી ઉત્પન્ન થાય છે તથા ચોરાશી લાખ જાતિ થકી દેહ ઉત્પન્ન થાય છે, તે દેહને વિષે પોતાપણું માને અને તે દેહનાં માબાપને પોતાનાં માબાપ માને તે મૂર્ખ કહેવાય અને તેને પશુ જેવો જાણવો. અને ચોરાશી લાખ જાતમાં જે પોતાની મા-બોન, દીકરીઓ અને સ્ત્રીઓ છે તે પતિવ્રતાનો ધર્મ એકે પાળતી નથી. માટે જે એવા સગપણને સાચું માને છે તેને અહંમમત્વના ઘાટ કેમ ટળશે ? અને આવી રીતની સમજણ વિના જન્મભૂમિની જે દેશવાસના તે ટળવી ઘણી કઠણ છે. અને જ્યાં સુધી દેહને પોતાનું રૂપ માને છે ત્યાં સુધી એની સર્વે સમજણ વૃથા છે.

**સિદ્ધાંતઃ** પોતાને દેહથી પૃથક જીવાત્મા તે રૂપે માનવું. દેહ ને દેહનાં સંબંધીને વિષે અહંમમત્વનો ત્યાગ કરીને ને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને ને સર્વ વાસનાનો ત્યાગ કરીને ભગવાનનું ભજન કરવું.

૨. **દારૂનો ઢગલો અને અગ્નિનો તણખો. (પં.૩/૩૩૨) દૃષ્ટાંત :** જેમ ઝાઝો દારૂનો ઢગલો હોય ને તેમાં એક અગ્નિનો તણખો પડ્યો હોય તો તે દારૂ સર્વે ભસ્મ થઈ જાય છે; તેમ એનું કાંઈ ઠેકાણું રહેતું નથી.

**સિદ્ધાંત :** દારૂના ઢગલામાં એક જ ચિનગારી કાફી છે. તે બધા જ દારૂના ઢગલાનો નાશ કરી શકે છે. તેમ ઇન્દ્રિયો અને અંતઃકરણને વિષે જો એક જ ગુણ જોઈએ તો પણ તે આપણને ભગવાનના માર્ગથી પાડી દે છે. માટે ઇન્દ્રિયો અને અંતઃકરણને તો ભગવાનના સુખનો લોભ દેખાડી તેમનામાં જ જોડી રાખવું.

૩. **શ્રીકૃષ્ણ ભગવાને દેહ મૂક્યાના દૃષ્ટાંતે ભગવાનની માયા (પં.૭/૩૪૪-૩૪૫) દૃષ્ટાંત :** જેમ શ્રીકૃષ્ણ ભગવાને દેહ મૂક્યો ત્યારે એ ભગવાનની પત્નીઓ જે રુક્મિણી આદિક હતી, તે એ ભગવાનના દેહને લઈને બળી મરી ત્યારે અજ્ઞાની હતા. તેણે તો એમ જાણ્યું જે, 'હવે એ નાશ થઈ ગયા.' અને જે જ્ઞાની હતા તેણે તો એમ જાણ્યું જે, 'અહીંથી અંતર્ધાન થઈને બીજે ઠેકાણે જણાણા છે.' એમ ભગવાનને અખંડ સમજે.

**સિદ્ધાંત :** ભગવાન સ્વતંત્ર છે. જ્યારે જેવે રૂપે કરીને જ્યાં દેખાવું હોય ત્યાં દેખાય છે. સામાન્ય નટની માયા પણ કળ્યામાં આવતી નથી. તો ભગવાનની માયા કેવી રીતે કળ્યામાં આવે. ભગવાનનું સ્વરૂપ સદાય અખંડ અને અવિનાશી છે.

**પ્ર.૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ <u>બે</u> પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણથી ચાર લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધ : (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ સંદર્ભનો અને ૧ ગુણ સમજૂતિનો આપવો. (૨) ઉકેલપત્રમાં આપેલા સંદર્ભ સિવાય અભ્યાસક્રમમાં આવતા વચનામૃતમાંથી બીજો કોઈ પણ સંદર્ભ પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતો હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા. જ્યાં બે સંદર્ભ આવતાં હોય ત્યાં કોઈ પણ એક સંદર્ભ અને તેને અનુરૂપ સમજૂતિ લખી હોય તો તેના પૂરા ગુણ આપવા.**

૧. **ડૉક્ટર થવા માટે ડૉક્ટર પ્રોફેસરની જરૂર પડે. (પ્ર.૬૦/૧૧૨)**

**સંદર્ભ :** આવી રીતનો જે એકાંતિક ધર્મ તે તો જે એવા નિર્વાસનિક પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ થઈ હોય તેને વચને કરીને જ પમાય, પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને નથી પમાતો. અને કોઈક સાંભળીને તેવી ને તેવી વાત કહેવા જાય તો કહેતાં પણ આવડે નહીં. માટે જેને એકાંતિકના ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે. **સમજૂતિ :** જે બનવાનો સંકલ્પ કર્યો હોય તે ધ્યેય સિદ્ધ કરવા માટે તે વિષયના નિષ્ણાત પાસે જવાથી જ સંકલ્પની સિદ્ધિ થાય છે. એકાંતિક ધર્મ સિદ્ધ કરવો હોય તો જેને એકાંતિક ધર્મમાં સ્થિતિ થઈ હોય તેવા પુરુષને જ ગુરુ કરવાથી એકાંતિક ધર્મ સિદ્ધ થાય છે.

૨. **મહારાજને જગતના કર્તા માનતા મુક્તાનંદ સ્વામી કહે છે 'નાક-કાન કાપવા કોના હાથમાં છે ?' (પ્ર.૩૭/૬૫)**

**સંદર્ભ :** એ ભગવાન વિના બીજો કોઈ જગતનો કર્તા છે જ નહીં, અને એમ જાણે જે 'ભગવાન વિના સૂકું પાંદડું પણ ફરવાને સમર્થ નથી.' એવી જેને ભગવાનને વિષે સાકારપણાની દૃઢ પ્રતીતિ હોય ને તે જેવો-તેવો હોય તો પણ એ અમને ગમે છે. અને એને માથે કાળ, કર્મ, ને માયા તેનો હુકમ નથી. અને જો એને દંડ દેવો હોય તો ભગવાન પોતે દે છે, પણ બીજા કોઈનો એને માથે હુકમ નથી. **સમજૂતિ :** ભગવાનના ભક્તને જે કાંઈ દુઃખ આવે છે. તે ભગવાનની ઈચ્છાથી જ આવે છે. માટે આલોકના દુઃખ થકી ડરીને ભગવાનની નિષ્ઠા કે ભક્તિ મૂકવી નહિ.

૩. **બાપુ રતનજી અનુભવતા કે જેમ મહારાજના સમાગમમાં સ્ત્રી અને નિદ્રાના સંકલ્પ નહોતા થતા તેમ ગુણાતીતાનંદ સ્વામીના સમાગમમાં પણ નથી થતા. (સા.૭/૧૯૦-૧૯૧)**

**સંદર્ભ :** 'મનોમય ચક્ર તે મનને જાણવું અને એની ધારા તે દશ ઈન્દ્રિયો છે એમ જાણવું. અને તે ઈન્દ્રિયોરૂપ જે મનની ધારા તે જે ઠેકાણે ઘસાઈને બૂઠી થઈ જાય તેને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. તે ઠેકાણે જપ, તપ, વ્રત, ધ્યાન, પૂજા એ આદિક જે સુકૃત તેનો જે આરંભ કરે તે દિન-દિન પ્રત્યે વૃદ્ધિ પામે. એવું જે નૈમિષારણ્ય ક્ષેત્ર તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય તે ઠેકાણે જાણવું.' **સમજૂતિ :** એકાંતિક સંત એ જગતના આધારરૂપ છે. અનંત જીવોનો ઉદ્ધાર કરી શકે તેવા સમર્થ હોય છે. એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોનાં ઈન્દ્રિયોને પ્રકાશ કરનારા હોવાથી તેમના સાનિધ્યમાં કરેલું સુકૃત દિનદિન પ્રત્યે વૃદ્ધિને પામે છે.

૪. **નિષ્કુળાનંદ સ્વામીએ જ્યાંથી સ્ત્રીઓનાં દર્શન ન થતાં હોય ત્યાંથી જ મહારાજનાં દર્શન કર્યાં. (પં.૩/૩૨૯-૩૩૦)**

**સંદર્ભ :** અપ્સરાઓ ઉપર અષ્ટાવક્ર ઋષિ તથા નારદમુનિ તે પણ પ્રસન્ન થયા ને વર આપ્યો જે, 'તમારા પતિ નારાયણ થશે.' એવી રીતે જન્માંતરે ઘણુંક તપ કરીને શ્રીકૃષ્ણ ભગવાનને પામી હતી, પણ જો ભગવાન કરતાં સાંબને વિષે અધિક રૂપ દીઠું તો તેમાં મોહ પામી. **સમજૂતિ :** ભગવાનના દર્શન કરવાના હોય તો પણ નિયમમાં રહીને કરવા જોઈએ.

**પ્ર.૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો. (કુલ ગુણ ૯)** **નોંધ : વચનામૃત ક્રમાંક ન લખ્યો હોય તો ચાલે.**

૧. 'ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે, પણ એ બીજાના દેખ્યામાં આવે નહીં. (પ્ર.૭૧/૧૪૪) (૨૬)

૨. 'આત્મનિષ્ઠા તો હોય પણ જો શ્રીહરિને વિષે પ્રીતિ ન હોય તો તે પ્રીતિએ કરીને થઈ જે શ્રીહરિની પ્રસન્નતા તેણે કરીને જ પામવા યોગ્ય એવું મોટું ઐશ્વર્ય જે 'માયાના ગુણે કરીને પરાભવ ન પમાય એવું મોટું સામર્થ્ય' તેને એ ભક્ત નથી પામતો.' (પ્ર.૧૯/૨૯) (૭)

૩. 'પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ તેને વિષે અચળ નિષ્ઠા તથા આત્મનિષ્ઠાની અતિશય દૃઢતા તથા એક ભગવાન વિના બીજા સર્વ પદાર્થને વિષે અરુચિ તથા ભગવાનને વિષે માહાત્મ્યે સહિત એવી નિષ્કામભક્તિ, એ ચાર સાધને કરીને ભગવાનની અતિશય પ્રસન્નતા થાય છે. અને એ જે ચાર સાધન તેને એકાંતિક ધર્મ કહીએ.' (પ્ર.૨૧/૩૧-૩૨) (૧૦)

**વિભાગ - ૨ : ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૧ તથા ૨ નવી આવૃત્તિના આધારે**
**(ભાગ - ૧, ઉદ્‌ગીથ : ૧ થી ૨૨, પરિશિષ્ટ-૨, ૩ તથા ભાગ - ૨, ઉદ્‌ગીથ : ૧ થી ૬નાં આધારે)**

**નોંધ :-(૧) પ્રશ્ન : ૬ થી ૯ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. બાળ ઘનશ્યામનાં ઐશ્વર્યો**

૧. મીન સરોવરે માછીમારે મારેલાં માછલાં સજીવન કર્યા. ૧/૩૫-૩૬
૨. આંબલીનાં વૃક્ષને બદલે તુલસી - કડવાં ચીભડાં મીઠાં થયા - ચકલાંને સમાધિ કરાવી. ૧/૩૬-૩૯
૩. એક સાથે અનેક તીર્થોમાં રામપ્રતાપને ઘનશ્યામનાં દર્શન. ૧/૪૭-૪૮
૪. હલવાઈની ખાલી દુકાન મીઠાઈથી ભરી દીધી. ૧/૪૯-૫૧
૫. કાઢેલા ચીભડાંના વેલા ફરી પાછા ઊભા કરી દીધાં. ૧/૫૭-૫૯
૬. ઘનશ્યામને વાગેલો ખાંપો રૂઝાઇ ગયો. ૧/૬૧-૬૨

**૨. લોજમાં નીલકંઠવર્ણીનો પ્રભાવ**

૧. નીલકંઠ વર્ણીને જોતાં જ પનિહારીઓના પગ ચોંટી ગયા - સુખાનંદ સ્વામીની વૃત્તિઓ નીલકંઠ વર્ણીમાં ખેંચાઈ ગઈ.૧/૩૧૩
૨. 'તમે બ્રહ્મમાં બદ્ધ થાઓ. તમારા આધારે બધું જ સ્વસ્થ થઈ જશે' - સાંભળી સુખાનંદ સ્વામી ચમક્યા.' ૧/૩૧૫
૩. મારી સમગ્ર ઇન્દ્રિયો ઉપશમ પામી ગઈ. મારી વૃત્તિઓના વિકાર શાંત થઈ ગયા- સુખાનંદ સ્વામી. ૧/૩૧૬
૪. આ વર્ણી કેવળ અતિથિ નથી, કોઈ વિભૂતિ છે. - મુક્તાનંદ સ્વામી. ૧/૩૧૬
૫. પાંચ અનાદિ તત્વો સંબંધી વર્ણીનો પ્રશ્ન - આપ આ પ્રશ્ન પૂછી શકો છો તે જ આપની મહાનતા સૂચવે છે. - મુ. સ્વા. ૧/૩૧૭
૬. જન્માષ્ટમીના ઉત્સવમાં બે સ્વરૂપે વર્ણીનાં દર્શન કરી સૌ આશ્ચર્યમય બની ગયા. ૧/૩૨૧-૩૨૨
૭. જીવરાજ શેઠના ડેલામાં મુક્તાનંદ સ્વામીની સભાનો વર્ણીએ ત્યાગ કરતાં સૌનાં ચિત્તની એકાગ્રતા તૂટતાં. મુક્તાનંદ સ્વામીને થયેલું આશ્ચર્ય - સ્ત્રીઓનાં દર્શન અને પ્રસંગ હવે વર્જ્ય છે. - મુક્તાનંદ સ્વામી. ૧/૩૨૨-૩૨૩
૮. નૈષ્ઠિક બ્રહ્મચર્યના ધર્મો શાસ્ત્રોમાં તો લખ્યા જ છે પણ શુદ્ધ રીતે પળાવવાનો આગ્રહ વર્ણી સિવાય કોઈએ રાખ્યો નથી. - મુક્તાનંદ સ્વામી. ૧/૩૨૪
૯. ગુરુ રામાનંદ સ્વામી તો આ સ્વરૂપે નહિ પધાર્યા હોય ? આ વર્ણી સદા ધ્યાનસ્થ દશામાં રહે છે.- મુક્તાનંદ સ્વામી તથા આશ્રમના સાધુઓ. ૧/૩૨૫
૧૦. થાંભલાને બાથ ભીડી - ગુરુની આજ્ઞા પાળવાની તત્પરતા જોઈ - મુ. સ્વા. અને સૌ સંતો વિસ્મય પામ્યા. ૧/૩૨૬
૧૧. છોકરીઓને છાણના પોદળામાં બ્રહ્માંડનાં દર્શન થતાં - તેથી છાણ લેવા આવતી છોકરીઓ પર પ્રભાવ. ૧/૩૨૭
૧૨. ગાંસડો તો સરજુદાસને માથે વેંત એક અદ્ધર હતો - દેવા શેઠ. ૧/૩૨૮-૩૨૯
૧૩. સંતોની તુંબડીના કાંઠા પથ્થર સાથે અફાળી ખરબચડી કરી દીધી. - મુક્તાનંદ સ્વામી મર્મ સમજ્યા. ૧/૩૩૮-૩૩૯
૧૪. મુક્તાનંદ સ્વામીના ધ્યાનમાં પ્રવેશ કરી રામાનંદ સ્વામીના દર્શન કર્યા - આશ્રમવાસીઓ આશ્ચર્યમુગ્ધ. ૧/૩૪૧

**૩. ઘનશ્યામ અને સુહાસિનીભાભીનો સ્નેહસંબંધ**

૧. ઘનશ્યામના બીજા જન્મોત્સવ સમયે ભાભીનું આગમન - ભક્તિમાતાને ઘનશ્યામની ચિંતા ઓછી રહેવા લાગી. ભાભી

ઘનશ્યામની અત્યંત સંભાળ રાખતા.- 'ભૈયા ! થોડું તો જમો !' - ઘનશ્યામ તે બધુંય ભાભીના મોંમાં મૂકી દેતાં. ૧/૩૧

૨. ઘનશ્યામના અધ્યયનના પ્રસંગે અપાર હર્ષ - કંસારના આંધણ મૂક્યાં - ઘનશ્યામને જમવાં માટે ખૂબ આગ્રહ કરતાં. ૧/૪૫-૪૬

૩. ભાભીની વીંટી લઈ મીઠાઈ ખાધી તે પ્રસંગ. ૧/૪૯-૫૧

૪. ભાભીની સાથે ઘનશ્યામ તરગામમાં. ૧/૫૩-૫૪

૫. 'ભાભી ! હું તારો લાલ નહિ ?' આંબલિયામાં ઘનશ્યામ. ૧/૫૫-૫૬

૬. તરગામમાં બળદેવ દૂબેના ખેતરમાં ચીભડાંના વેલા ખેંચી કાઢ્યા ત્યારે રામપ્રતાપે માર્યા તે સમયે ભાભીએ રામપ્રતાપભાઈને આપેલો ઠપકો. ૧/૫૭-૫૮

૭. 'ઘનશ્યામ ! ભૈયા ! હું મા નહિને ? મેં તમને ક્યાં સાચવ્યાં છે ? તમારા ભૈયાએ માર્યા તો પણ હું આવી નહિ.' ભાભીનો વલોપાત. ૧/૫૯

૮. ભાભી તું હવે રડતી નહીં હોં, આપણે અયોધ્યા નથી જવું. ૧/૫૯

૯. ખાંપો વાગ્યો ત્યારે ભાભી રડવા લાગ્યા. 'ભાભી ! પાટો ખોલ જોઉં !' 'જુઠ્ઠા, ભાભીને ગભરાવવા માટે પાટો બાંધ્યો હતો ?' ૧/૬૧-૬૨

૧૦. દીદી (ભક્તિમાતા) એ મોકલેલી સુખડી ભાભીના મોઢામાં મૂકી દીધી. ૧/૬૩

૧૧. યજ્ઞોપવિતના મુંડન પછી ભાભીએ માથામાં મારેલા ટકોરા. - ઘનશ્યામ ભાભીનો હાથ પકડીને કહે છે, 'હવે તો છોડીશ જ નહિ. તને જ હમણાં નવરાવી દઉં.' ભાભી, 'અરે મૂકો મૂકો, હાથ છોડો. બ્રહ્મચારી થઈને સ્ત્રીઓને અડાય !' ૧/૭૨

૧૨. હજુ ત્રણ તાગડા તો ગળામાં પડ્યા નથી ને બ્રહ્મચારી શાના ? અત્યારથી ઢોંગ કરવા લાગ્યા છે ! (ઉપવિત સંસ્કાર વખતે) ૧/૭૨

૧૩. માતાના ધામગમન પછી ભાભી ઘનશ્યામને જરા પણ અળગા મૂક્તા નહિ - ભાભીને પોતાના પુત્ર કરતાં પણ ઘનશ્યામ પર અધિક સ્નેહ - ઘનશ્યામ ભાભીને કહેતાં 'ભાભી ! તને મૂકીને હું દૂર પશ્ચિમમાં ચાલ્યો જઈશ. પછી તું મને ક્યાં ગોતવા આવીશ ?' ૧/૮૬-૮૭

૧૪. ભાભી ઉદાસ રહેતાં ઘનશ્યામને કહે છે, 'તમે ઉદાસ રહો છો પણ જો જો અમને રઝળાવીને ક્યાંય જતા ન રહેશો.' 'મારો સંબંધ જેને થયો છે તેને હું કદી રઝળાવીશ નહિ.' - ઘનશ્યામ. ૧/૯૩-૯૪

૧૫. ઘનશ્યામના ગૃહત્યાગ બાદ સુવાસિની ભાભીનો વલોપાત. ૧/૧૦૦-૧૦૩

**પ્ર.૭ નીચે આપેલાં વિષયોમાંથી કોઈપણ <u>બે</u> ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)**

**નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. ઘનશ્યામ મહારાજનો વિદ્યાભ્યાસ**

૧. અધ્યયનનો આરંભ- સં.૧૮૪૨ ચૈત્ર સુદ બીજ અયોધ્યાના વિદ્વાન અને ભક્તરાજ શ્રી હૃદયરામનું પૂજન અને વિદ્યા આરંભ. ૧/૪૪-૪૫

૨. વિધ્યાભ્યાસ સાથે બ્રહ્મચર્ય આશ્રમને અનુકુળ જીવનનો નિત્યકર્મ - આ આશ્રમમાં દેહનો અનાદર કેળવવો. ૧/૪૫-૪૬

૩. ધર્મદેવ પાસે ઋગ્વેદ, સામવેદ, ષડ્દર્શન, શ્રીમદ્ભાગવત, મહાભારતનો અભ્યાસ- ગોપિકાગીત, વેણુગીત ભ્રમરગીત કંઠસ્થ - પુરંજન અને જડભરતનું આખ્યાન પ્રિય. ૧/૭૫

**૨. રામાનંદ સ્વામી દ્વારા નીલકંઠવર્ણીનો મહિમા**

૧. અમે તો ઉદ્ધવનો અવતાર છીએ, પરબ્રહ્મના સાક્ષાત્ અવતાર તો હવે અહીં આવશે અને તમને મળશે - નરસિંહ મહેતાને રામાનંદ સ્વામી. ૧/૩૦૭

૨. જેમની હું રાહ જોતો હતો તે આવી ગયા - ધન્ય ધન્ય તમે વર્ણીરાટ ! અમારા ટળ્યા સર્વ ઉચાટ - મુક્તાનંદ સ્વામી અને નીલકંઠવર્ણીનો પત્ર વાંચી રામાનંદ સ્વામીના ઉદ્ગાર. ૧/૩૩૩-૩૩૪

૩. સૌને નીલકંઠવર્ણીના દર્શને જવાની આજ્ઞા. ૧/૩૩૪-૩૩૫

૪. લાલજી સુથારને સમજાવેલું નીલકંઠવર્ણીનું સ્વરૂપ - આ તો કૃષ્ણથી પણ મોટા છે. ૧/૩૩૬

૫. તમારાં સદ્‌ભાગ્ય છે કે તમને નીલકંઠવર્ણી મળ્યા. પણ જ્યારે યથાર્થ ઓળખાશે ત્યારે આનંદનો પાર નહિ રહે. - રામાનંદ સ્વામી - સાધુઓને. ૧/૩૪૭

૬. અમારી આ રીત તો અસલની છે. વશિષ્ઠ ઋષિ ઊંચે આસને બેસતા ને રામચંદ્રજી નીચે બેસતા - રામાનંદ સ્વામી જમાદારને. ૧/૩૪૭

૭. હું તો ડુગડુગી વગાડનારો છું. વેશના ભજવનારા તો હજુ હવે આવશે તે આવી ગયા. તેમના સ્વરૂપની નિષ્ઠા દૃઢ કરશો તો તમારું સૌનું કલ્યાણ થશે - ધર્મધૂરાની સોંપણી વખતે સભામાં રામાનંદ સ્વામી. ૧/૩૭૬-૩૭૭

૮. વર્ણી સાક્ષાત્‌ પરમાત્મા છે. તે નિશ્ચય દૃઢ કરજો. તેમની આજ્ઞા શિરસાટે પાળજો. હવે ભાગવત ધર્મનું સ્થાપન અને પ્રસારણ તેઓ કરશે. આત્યંતિક કલ્યાણનો માર્ગ પણ તેઓ જ ખુલ્લો કરશે - અંતિમ માંદગીમાં રામાનંદ સ્વામી. ૧/૩૮૫

**૩. શ્રીજીમહારાજે કરેલી ભક્તોની કસોટી**

**સુંદરજી સુથારની કસોટી :** ૧. કચ્છના સુંદરજી સુથાર બંધિયામાં મહારાજના દર્શને. ૨/૧૭

૨. આપના પ્રતાપે સુખિયો છું પણ વધુ સુખિયા રહેવાય તે માટે આ દાસ ઉપર દયા રાખજો. ૨/૧૯

૩. ભગવાં પહેરો અને ઊપડો કાશીની જાત્રાએ. ૨/૧૯

૪. ડોસાભાઇએ પણ રામાનંદ સ્વામીની આજ્ઞા પાળી ન હતી. તેના પ્રાયશ્ચિત્તરૂપે કાશીએ જવાની આજ્ઞા. ૨/૨૦

૫. અમે કેવાં કામ કર્યાં ? દીવાનને મૂંડ્યા અને શેઠનેય પ્રાયશ્ચિત્ત આપ્યું. શ્રીહરિ - મુક્તાનંદ સ્વામીને. ૨/૨૦

૬. ‘મહારાજ ! બહૂ ભૂંડું કર્યું. હવે કચ્છમાં પણ ઉપાધિ શરૂ થઇ જશે.’ - મુક્તાનંદ સ્વામી. ૨/૨૦

૭. પાપ નામનો પિતરાઈ હતો તેનું સૂતક ઉતાર્યું. - આવી આકરી કસોટી હવે બીજાની કરશો નહિ. - સુંદરજી. ૨/૨૦

**લાલજી સુથાર નિષ્કુળાનંદ બન્યા :** ૧. લાલજી સુથાર પાસે શ્રીજી મહારાજની કચ્છ માટે ભોમિયો મેળવી આપવાની માંગણી - લાલજી સુથારે પોતે જ જવાનું વિચાર્યું - આજ્ઞાનું મહત્વ સમજાયું. ૨/૬૪

૨. કચ્છની વિકટ વાટમાં ઈષ્ટદેવને તકલીફ ન પડે તે માટે ભાથું, પાણી અને પૈસા સાથે લીધા - શ્રીજીમહારાજે લીલા કરી ભાતુ, પાણી, પૈસા બધું અપાવી દીધું - મહારાજે ચમત્કાર બતાવ્યો. લાલજી સુથારને તરસ લાગવાથી રણમાં મીઠી વીરડી કરી. - પાણી માંગનાર પણ રામાનંદ સ્વામી જ હતા. ૨/૬૬-૭૦

૩. કેવળ ભગવાનને આશરે રહેતાં શીખવું. ૨/૭૧

૪. જીવનાં કલ્યાણ માટે વિચરનાર શ્રીહરિનો દેહનો અનાદર, ત્યાગ વગેરે લાલજી ભક્તે નિહાળ્યા - લાલજી ભક્તને લોકલાજનો ત્યાગ કરાવી સાધુ બનાવ્યા. નિષ્કુળાનંદ સ્વામી નામ પાડ્યું. ૨/૭૨-૭૩

**ડોસાભાઈ :** ૧. શેઠ તમે પણ ઊઠો. તમારે પ્રાયશ્ચિત કરવું છે કે નહિ ? - રામાનંદ સ્વામીની આજ્ઞા નહોતી પાળી. ૨/૧૯-૨૦

**પ્ર.૮ નીચે આપેલાં પ્રસંગોમાંથી કોઈપણ <u>ત્રણ</u> પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું.) (કુલ ગુણ ૧૨)**

| |
|---|
| **નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યાં કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.** |

૧. **નીલકંઠવર્ણીએ થાંભલાને બાથ ભીડી (૧/૩૨૫-૩૨૬) પ્રસંગ :** મયારામ ભટ્ટે ભુજમાં રામાનંદ સ્વામીને નીલકંઠવર્ણી લોજમાં પધાર્યાના સમાચાર આપ્યા. રામાનંદ સ્વામીએ ઉત્સુકતાથી લોજની ઝીણામાં ઝીણી વાત પૂછી. પછી મયારામ ભટ્ટને કહ્યું લોજ જઈને વર્ણીન્દ્રને કહેજો કે જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ લઈને પણ રહેવું પડશે. ભુજથી લોજ પાછા આવેલા મયારામ ભટ્ટે રામાનંદ સ્વામીનો સંદેશો નીલકંઠવર્ણીને આપ્યો. થાંભલાને બાથ ભીડવાની રામાનંદ સ્વામીની આજ્ઞા સાંભળીને વર્ણીએ તરત જ થાંભલાને બાથ ભીડી. ગુરુની આજ્ઞા પાળવાની નીલકંઠવર્ણીની તત્પરતા જોઈને મુક્તાનંદ સ્વામી અને સૌ સંતો વિસ્મય પામ્યા. થાંભલાને બાથ ભીડીને ઊભેલાં નીલકંઠવર્ણીને જોઈને મયારામે કહ્યું : બ્રહ્મચારીજી ! થાંભલાને બાથ ભીડીને રહેવું એટલે સત્સંગના સ્તંભ સમાન આ મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવું એમ વાત છે. વર્ણી બાથ છોડીને મુક્તાનંદ સ્વામીને વંદન

કર્યા. **મનન :** જીવનું કલ્યાણ જેણે ઈચ્છવું હોય તેણે મન ધાર્યું મૂકીને ભગવાન અને ભગવાનના એકાંતિક ભક્તની આજ્ઞામાં હંમેશા રહેવું.

૨. **માનસરોવરના હંસો પાસે (૧/૧૩૦) પ્રસંગ :** બદરીવનથી નીલકંઠવર્ણી માનસરોવર ગયા. નિત્યકર્મથી પરવાર્યા ત્યાં તો હિમગિરી તેમને માટે ફળો લાવ્યા. શાલિગ્રામને નૈવેદ્ય ધરાવી પ્રસાદ હિમગિરીને આપી પોતે પણ જમ્યા. અહીં વર્ણી પાંચ દિવસ રહ્યા. પાંચ દિવસ હંસો સાથે ક્રીડા કરી, દર્શનનું સુખ આપ્યું, પ્રસાદીનું જળ તેમના ઉપર છાંટ્યું અને પ્રસાદ પણ આપ્યો. જ્યારે નીલકંઠવર્ણી નીકળવા તૈયાર થયા ત્યારે હંસો વર્ણી સામું જોઈ રહ્યા. પૂર્ણ પુરુષોત્તમનું આ સુખ અહીં સહેજે મળ્યું પણ હવે તે ફરી ક્યારે મળશે ? વર્ણીએ તેમનો ભાવ પારખી આદેશ આપ્યો : 'પશ્ચિમમાં પધારજો. ભક્તોના ભાવથી રંગાયેલી એ કર્મભૂમિ મારા કાર્યનું ક્ષેત્ર બનશે. લોકોનું આત્યંતિક કલ્યાણ થશે. ત્યાં હું રહીશ અને મારી મોક્ષપ્રદ લીલાનો લહાવ મારા ભક્તોને આપીશ.' **મનન :** મોરે મુમુક્ષુ ભગવાનને ખોળતા હતા આજે ભગવાન મુમુક્ષુને ખોળે છે. હિમાલયના ઉત્તંગ શિખર પર આવેલા સરોવરમાં જ્યાં આજે પણ માનવી ઘણી મુશ્કેલીએ જઈ શકે છે. જ્યારે ૨૦૦ વર્ષે પૂર્વે એકલા ત્યાં પહોંચી હંસોનું કલ્યાણ કર્યું.

૩. **નીલકંઠવર્ણી શિવજીનો સાથવો જમે છે. (૧/૨૩૭-૨૩૮) પ્રસંગ :** ભૂતપુરીના માર્ગે ચાર દિવસ સુધી વિકટ વનમાં ક્યાં પાણી ન મળતાં પાંચમાં દિવસે સાંજે અચેતન થઈ પડી ગયા. જાગ્રત થતાં પાસે કૂવો જોતાં ત્યાં જઈને કઠારીને દોરડું બાંધી પાણી સીંચી સ્નાન કરી શાલિગ્રામની પૂજા કરવા બેઠા. ત્રણ-ચાર કઠારી પાણી શાલિગ્રામ ઉપર પધરાવી પણ પાણી ક્યાંય દેખાય જ નહિ. શાલિગ્રામ તરસ્યા થયા હશે ? વિચારી વધારે પાણી સીંચીને સ્નાન કરાવ્યું. અંતે શાલિગ્રામ તૃપ્ત થયા. ત્યારે વર્ણીને વિચાર આવ્યો કે આટલી તરસ લાગી હોય તો ભૂખ્યા પણ થયા હશે ? ઈષ્ટદેવની ક્ષુધાની ચિંતામાં વ્યગ્ર બનેલા વર્ણીની પાસે તે સમયે કાપડીના વેશે એક પુરુષ અને સ્ત્રી આવે છે. વર્ણી તેમનો પરિચય પૂછે છે. પરિચયની ભાંજગડમાં પડ્યા વગર પાંચ દિવસના ભૂખ્યા હોવાથી જમી લેવાનો આગ્રહ કરે છે. ત્યારે વર્ણીએ કહ્યું : 'અજાણ્યા પુરુષે આપેલી વસ્તુ હું ગ્રહણ કરતો નથી.' પરિચયનો અણસાર લાગતાં કહ્યું : 'આપણે હરિદ્વારમાં મળ્યા હતા કે નહિ ?' ત્યારે સ્ત્રીએ કહ્યું 'પ્રભુ ! એ ઈશ છે અને હું સતી છું. આપ આટલા દિવસથી ભૂખ્યા હતા તેથી સાથવો લાવ્યાં છીએ.' સાચાં સ્વરૂપમાં શિવ-પાર્વતી દેખાયા. ત્યારે વર્ણીએ કહ્યું : 'તે દિવસે તો રસ-રોટલીનું સ્વાદું ભોજન બનાવ્યું હતું અને આ સાથવો કેમ ?' દંપતીના મીઠા ઝઘડામાં સમય વીતી ગયો અને સારું ભોજન બનાવવાનો સમય રહ્યો નહિ. વર્ણીએ શાલિગ્રામને નૈવેધ ધરી પછી તેમાં પાણી નાખી જમી ગયા. વર્ણીની ઈચ્છાથી શિવ-પાર્વતી અદૃશ્ય થઈ ગયા. **મનન :** પોતે પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે છતાં વિકટ પરિસ્થિતિમાં પણ ઠાકોરજીને ભૂલ્યા નથી. પોતાના દેહની પરવા કર્યા વગર ઠાકોરજીના થાળની ચિંતા કરી છે. આવા સંજોગોમાં પણ અજાણ્યાના હાથની વસ્તુ અંગીકાર કરતા નથી. સમય આવે અંગત મતભેદ ન ભૂલાય તો ટાણાંની સેવા જતી રહે.

૪. **લાધીમાને નિશ્ચય (૨/૭૯-૮૧) પ્રસંગ :** ભુજમાં મહારાજ ગંગારામ મલ્લ દ્વારા લાધીમાને બોલાવે છે, તો લાધીમાએ જવાબ મોકલ્યો કે 'સ્વામી તો એક રામાનંદ ! હું તો તેમના સમાગમથી કૃતાર્થ થઈ ગઈ છું. એટલે મારે કોઈનાં દર્શન કરવાની ઈચ્છા નથી.' તેમની નિષ્ઠાથી પ્રસન્ન થયેલા શ્રીહરિએ કહેવરાવ્યું 'તમેય રામાનંદ સ્વામીના શિષ્ય છો અને અમે પણ તેમના શિષ્ય છીએ. માટે ગુરુભાઈ કહેવાઈએ. માટે મળવા આવો.' દર્શને આવેલા લાધીમાને સમાધિ થઈ. અનંત મુક્તો મનુષ્યતનુંધારી મહારાજની સ્તુતિ કરતા હતા. રામાનંદ સ્વામીને પણ મહારાજની સેવામાં જોયા. આ દિવ્ય સુખના અનુભવથી તેનાં અંતરચક્ષુ ખૂલી ગયા. તેમને જ્ઞાન લાધ્યું અને શ્રીહરિના સ્વરૂપનો નિશ્ચય થયો. મહારાજને પ્રણામ કરતાં મૂક ભાષામાં કહ્યું : 'આપ પ્રભુ છો અને હું આપની ભક્ત છું.' **મનન :** સાચા ભાવથી ભગવાનની ભક્તિ કરી હોય તો તે નકામી જતી નથી. ભગવાન જાતે પોતાનું પ્રગટ સ્વરૂપ ઓળખાવે છે.

૫. **સ્વામિનારાયણનું ભજન શરૂ કરાવ્યું. (૧/૩૮૭-૩૯૦) પ્રસંગ :** રામાનંદ સ્વામીના ધામમાં ગયા પછી ચૌદમાના દિવસે સભામાં બ્રહ્મચારીઓ, સાધુઓ તથા સ્ત્રી-પુરુષોના ધર્મો સમજાવી 'પ્રગટ ભગવાનનું 'સ્વામિનારાયણ' નામે ભજન કરવાનું કહ્યું. ત્યારે સભામાંથી એક સંતે શા માટે 'સ્વામિનારાયણ'નું ભજન એ સમજવા પ્રશ્ન કર્યો. સ્વામી શબ્દ સર્વના સ્વામી જે અક્ષરબ્રહ્મ તેને અનુલક્ષીને છે. અક્ષરબ્રહ્મને સર્વાત્મા બ્રહ્મ પણ

કહ્યા છે. સર્વના કારણ અને નિયંતા છે. તેથી તેમને સ્વામી શબ્દથી સંબોધ્યા છે. અક્ષરબ્રહ્મ તો પુરુષોત્તમની સાથે સદા સર્વદા શરીર શરીરી ભાવે જોડાયેલું છે. અને પુરુષોત્તમ પણ અક્ષરધામમાં રહ્યા થકા બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે જ્યાં જેવું રૂપ પ્રકાશ્યું જોઈએ ત્યાં તેવા રૂપને પ્રકાશે છે. આ બ્રહ્માંડમાં જીવોના કલ્યાણ અર્થે જ્યારે પુરુષોત્તમ પધારે છે, ત્યારે એ અક્ષરધામ સહિત જ પધારે છે અને અક્ષરધામ એ ભગવાનની મૂર્તિ ભેળું જ સદા હોય છે. 'સ્નેહના આધિક્યથી શ્રી એ નારાયણના સ્વરૂપમાં પોતાની અસ્મિતા ગુમાવે છે, તેથી બંને સ્વરૂપો સ્થૂળ દૃષ્ટિએ જુદાં હોવા છતાં એક છે.' **મનન :** પૂર્ણ પુરુષોત્તમ નારાયણ જ પોતાની તથા અક્ષરબ્રહ્મની સાચી ઓળખ આપી શકે તેમ છે.

**પ્ર.૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. તે પરીક્ષાર્થી પર આધાર રાખે છે. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

૧. કાશીદાસ (૧/૨૬૮-૨૭૩, ૨/૪૦-૪૧)

**પ્રસંગો :** કાશીદાસના પિતાએ બ્રાહ્મણોની ચોરાશી કરી હતી. ત્યારે વેરીભાઈએ તેમને નીલકંઠવર્ણી ગામમાં આવ્યાના સમાચાર મળતાં તેમણે પુત્ર કાશીદાસને બાવાની જગ્યામાં તપસ્વીને આમંત્રણ આપવા મોકલ્યા. નીલકંઠવર્ણીને જોતાં જ કાશીદાસ સ્થિર થઈ ગયા. મનુષ્યમાં ન કલ્પેલી દિવ્યતા તેમણે નીલકંઠવર્ણીમાં જોઈ. કાશીદાસના મનમાં ઘણા વખતથી વિચાર ચાલતો હતો કે ગામમાં કોઈ મોટાપુરુષ આવવા જોઈએ. તેમણે રામજી મંદિરના બાવા નરસિંહદાસને કહી રાખ્યું હતું કે 'કોઈ મોટાપુરુષ આ મંદિરમાં આવે, તો મને ખબર આપજે.' કાશીદાસને નીલકંઠવર્ણીની સામે બેઠેલા જોઈને બાવાએ કહ્યું : 'મોટા ! કાલે જ આ છોકરું આવી ચડ્યું છે. વડ નીચે બેઠું હતું પણ પાણી ભરનારી બાઈઓને જોઈને અહીં નાસી આવ્યું. - આટલા વરસ રામજીની પૂજા કરી તોય અક્કલ ના આવી ? - અમારા તરફથી જમવાનું આમંત્રણ છે. - કેવા બ્રાહ્મણો જમે છે ? - અમે બાવાજીની સાથે આવીશું. - આ તો અમારા જ છે અને અમારી બહુ સેવા કરશે. - આ કાંડું એમ ને એમ ઝાલી રાખજો. - બ્રહ્મચારી તો વહેલી સવારે નીકળી ગયા - હું બ્રહ્મચારીને ગમે ત્યાંથી શોધીને અહીં લાવીશ - બ્રહ્મચારીની શોધમાં - ધૂળમાં પગલાં - બા ! તમને બ્રહ્મચારીએ નથી કહ્યું કે અમે અહીં જ ફરીથી આવીશું ? આ ગામ અમને બહુ ગમે છે ? - નીલકંઠવર્ણીના ચરણથી અંક્તિ થયેલી સોળ ચિહ્નયુક્ત ચરણારવિંદની ધૂળ વસ્ત્રમાં બાંધી લીધી - મેમકાથી શ્રીહરિ બોચાસણ કાશીદાસને ઘેર પધાર્યા - તેમનું કાંડું પકડી કહ્યું : 'નાનીબા ! આ કાશીદાસ અમારા પરમ ભક્ત છે. તેમની ભક્તિથી આ ગામ પવિત્ર થશે, તીર્થ થશે, પરમધામ બની જશે.'

**વ્યક્તિત્વનું આલેખન :** કાશીદાસ નાના પણ પ્રભાવ મોટો હતો. મોટા પુરુષને ઓળખવાની દૃષ્ટિ હતી. સત્પુરુષ અને ભગવાનના વચનમાં વિશ્વાસ હતો. ભક્તિપ્રધાન જીવ હતો.

૨. **ભક્તિમાતા :**

૧. ભક્તિમાતાનો જન્મ વિ.સં. ૧૭૯૮ના કાર્તિક સુદ પૂનમના બુધવારે કૃષ્ણશર્મા અને ભવાનીગદેવીના ઘેર છપૈયાપુરમાં થયો હતો. - નામ : બાલાદેવી પાડ્યું - ભક્તિમાં રત રહેતા હોવાથી 'ભક્તિ' કહેતા અને કૃષ્ણભક્તિ પ્રવાહમાં પ્રેમાસક્ત હોવાથી 'પ્રેમવતી' પણ લોકો કહેતા ૧/૭-૮

૨. તમે આજે મને જીવતદાન આપ્યું મારા લાલને પાછો લાવ્યા - હનુમાનજીને પ્રાર્થના. ૧/૨૬

૩. જો જો તમારો કાન મારા હાથમાં છે, માટે ભક્તોથી ડરજો - કર્ણવેધ સંસ્કાર. ૧/૩૦

૪. કાલીદત્તના પ્રકોપથી બચી ગયેલા ઘનશ્યામને જોતાં જ આનંદિત થયેલા ભક્તિમાતા હનુમાનજીની કૃપા માનવા લાગ્યા. ૧/૩૪-૩૫

૫. જોયા મોટા કથા સાંભળવાવાળા - બેટા આટલું મોડું અવાય ? બહાર કેટલાય અસુરો ભમે છે ! ૧/૫૨-૫૩

૬. કૃષ્ણજન્મના દર્શન કરી માતા ઘનશ્યામ સાથે ઘેર પાછા આવીને ઘનશ્યામને જમાડવાનો આગ્રહ ૧/૬૬-૬૭

૭. 'ઘનશ્યામને જલ્દી અહીં લઈ આવે' - ઉપવીત સંસ્કાર માટે છપૈયાથી ઘનશ્યામને તેડાવતી વખતે ૧/૬૮
અંતકાળે ઘનશ્યામના દિવ્ય સ્વરૂપમાં ચિતવૃત્તિ ચોંટી ગઈ. ૧/૮૪

**વ્યક્તિત્વનું આલેખન :** બાળપણથી કૃષ્ણ ભક્તિમાં વૃત્તિ - કૃષ્ણ ભક્તિમાં પ્રેમાસક્ત -પુત્ર તરફનો માતૃભાવ - પુત્રને સાચે માર્ગે ચલાવવાની ભાવના - પુત્રના ક્ષેમકુશળ માટે કુળદેવતાને પ્રાર્થના - પુત્ર સાથેની ગોષ્ટિમાં ગમ્મત સાથે પુત્રની કુશળતા માટે વ્યકત થતી ચિંતા.

**વિભાગ - ૩ : 'ધાર્મિક વિધાનો અને ભાવનાઓ' નવી આવૃત્તિના આધારે અને સામાન્ય જ્ઞાન નિબંધ**

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. આહારશુદ્ધિ એટલે શું ? (૭૯)

જ. જે આહારથી આપણા મનમાં વિકારો જાગ્રત થતા હોય તેવા આહારનો ત્યાગ કરવો, ધર્મશાસ્ત્રોએ વિધાન કરેલા આહારને અપનાવવો અને અન્ય આહારનો ત્યાગ કરવો એનું નામ આહારશુદ્ધિ.

૨. ટી.વી.ના લીધે બાળકો પર કઈ ત્રણ અસરો થાય છે ? (૬૮-૬૯)

જ. ટી.વી.ના લીધે બાળકો ત્રણ અસરો થાય છે. (૧) શારીરિક અસર (૨) શૈક્ષણિક તેમજ બૌદ્ધિક અસર (૩) આંતરિક અસર

૩. પૂજા એટલે શું ? (૧)

જ. પૂજા એટલે શ્રદ્ધા, સન્માન, વિનય અને સમર્પણનો ભાવ પ્રગટ કરનારું કાર્ય, આભાર વ્યક્ત કરતી વર્તણૂક. પૂજા એટલે પ્રભુનું સામીપ્ય.

૪. કેટલાંક મંદિરોમાં પંચભૂતના પ્રતીક સમી કઈ પાંચ વસ્તુઓથી આરતી ઉતારવામાં આવે છે ? (૪૧)

જ. પંચભૂતના પ્રતીક સમી પાંચ વસ્તુઓ : પુષ્પ, જળપૂરિત શંખ, દીવો, ચામર, સફેદ વસ્ત્ર.

૫. સ્વામિનારાયણ સંપ્રદાયમાં તિલક-ચાંદલો ક્યારથી અસ્તિત્વમાં આવ્યા ? (૨૨)

જ. સ્વામિનારાયણ સંપ્રદાયમાં તિલક-ચાંદલો સંવત ૧૮૭૭માં અસ્તિત્વમાં આવ્યા.

**પ્ર.૧૧ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૬)**

૧. ગુરુની મૂર્તિપૂજા શા માટે ? (૫)

જ. દુનિયામાં રાજકીય નેતાઓની, રમતવીરની કે વિવિધ ક્ષેત્રોમાં પારંગત થયેલા કલાકારોની પ્રતિમાઓ હોય છે. માનવી એમાંથી પ્રેરણા મેળવે છે. પરંતુ આ નેતાઓની સિદ્ધિ પોતપોતાના ક્ષેત્ર પૂરતી મર્યાદિત હોય છે. આ નેતાઓ જીવનની ભુલભુલામણીમાં અટવાઈ જઈ નિષ્ફળ પણ ગયા છે. તો એમનો આદર્શ લેવાથી શો લાભ ? સાચો આદર્શ તો જીવનમાં સફળ થવું, સ્થિતપ્રજ્ઞ-સ્થિતિ ગુણાતીત-સ્થિતિ પ્રાપ્તિ કરવી એ જ છે. એવા આદર્શની પ્રેરણા તો એવા સત્પુરુષમાંથી, ગુરુમાંથી જ મળે. જીવનમાં સાચો આદર્શ પ્રાપ્ત કરવા, એ માટેની પ્રેરણા મેળવવા માટે જ સત્પુરુષની, કહો ને કે ગુરુની મૂર્તિની પૂજા આવશ્યક છે.

૨. ભગવાન પાસે કેવી પ્રાર્થના ન કરવી જોઈએ ? (૩૪-૩૫)

જ. ભગવાનનો ભક્ત, ભક્તિ વિના ચતુર્ધા મુક્તિની પણ ઇચ્છા ન રાખે, તો શરીરના તથા આ લોકના નાશવંત સુખની તો ઇચ્છા ન જ રાખે. તન, મન, ધન ભગવાનને અર્પણ કર્યા પછી ભગવાનની ઇચ્છા એ જ પોતાનું પ્રારબ્ધ માને. તેમ છતાં આ લોકનાં ત્રિવિધ દુઃખોમાં માણસ ક્યારેક ધીરજ ગુમાવી બેસે તો અન્ય કોઈ ખોટા માર્ગે ન ચડી જતાં સુખ-દુઃખ ભગવાનની ઇચ્છાથી જ આવે છે એમ માની હંમેશા આનંદમાં રહી ભક્તિ કરે. પોતાના સ્વામી, ઇષ્ટદેવ પાસે જ એની પ્રાર્થના કરવી એમાં કોઈ દોષ નથી. (વર.૫) પરંતુ પ્રાર્થનાનો ઉત્તર પોતાની ઇચ્છા પ્રમાણે જ આવે એવો આગ્રહ ન સેવવો. પ્રાર્થના કર્યા પછી ભગવાનની ઇચ્છા હોય તે સ્વીકારવા તત્પરતા રાખવી જરૂરી છે.

૩. ઘરમંદિરની પવિત્રતા જાળવવા શું કરવું ? (૫૪)

જ. સ્વચ્છતા ત્યાં પ્રભુતા. ઘરમંદિર સ્વચ્છ રાખવું. ઘરમંદિરની આસપાસ પણ સ્વચ્છતા જાળવવી જોઈએ. ઘરમંદિરમાં ઉપયોગી સાધનો - આરતી, દીવી વગેરે ઉપકરણો પણ ઊટકીને સ્વચ્છ રાખવાં. ઘરમંદિરને બિનજરૂરી વસ્તુઓનું સંગ્રહસ્થાન ન બનાવવું. સ્નાન કર્યા પછી કે હાથ-પગ ધોઈને જ ઘરમંદિરનો સ્પર્શ કરવો. રજસ્વલા સ્ત્રીએ ઘરમંદિરનો સ્પર્શ ન કરવો.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ એકનો મુદ્દાસર જવાબ લખો. (દસેક લીટીમાં) (કુલ ગુણ ૩)**

૧. ટી.વી. અંગે પ્રમુખસ્વામી મહારાજ શું કહે છે ? (૭૬)

જ. 'ઘરોઘર આ ટી.વી.નું ઝેર છે. આ ખાય તે વિનાશને પંથે જાય છે. ટી.વી. શું શીખવે છે ? ખૂન કેમ કરાય ? ચોરી

કેમ થાય ? વ્યસન કેમ થાય ? બાળક કે યુવાન બધા આવું શીખે છે. ખબર ન પડે ને દૂષણ પેસી જાય છે. જોતાં સારું લાગે પણ પછી ઝેર પ્રસરે છે અને આખું કુટુંબ છિન્ન-ભિન્ન થઈ જાય છે. એટલે ટી.વી.-સિનેમાથી દૂર જ રહેવું. સ્વામી કહે છે : 'જોવા જેવા તો ભગવાન અને સંત છે.' એનાથી જ શાંતિ થાય. પણ ટી.વી. જોવામાં કોઈ લાભ નથી, એટલે એ ન જોવું.' 'ટી.વી. ઝેર છે એ જાણવા છતાં માણસો પીએ છે, કારણ કે ઉપર ગળ્યું લાગે છે પણ જીવન બરબાદ કરી નાખે છે. ટી.વી. જોઈને સદ્‌ગુણી કેટલા થયા ? ઊલટું સદ્‌ગુણો હોય તેય ચાલ્યા જાય છે. જોવા બેસે પછી મર્યાદા ન રહે. એટલે પહેલેથી જ ઘરમાં ઘાલવું નહિ.

૨. ઈષ્ટદેવની પરમાત્માની મૂર્તિપૂજા શા માટે ? (૩-૪)

જ. આપણા ઈષ્ટદેવ-પરમાત્માના આપણા પર અગણિત ઉપકાર છે. આથી, પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરવા, આદર આપવા કહો ને કે એમની પૂજા કરવા આપણે ઉત્સુક બનીએ છીએ, પરંતુ પ્રશ્ન એ થાય કે પરમાત્માની પૂજા કરવી કઈ રીતે ? એ તો બધે જ છે. તો જેમ રાષ્ટ્રવીર, રમતવીર કે પોતાના પ્રિય નેતાને પૂજવા એની ચિત્રપ્રતિમા કે મૂર્તિને આપણે પૂજીએ છીએ, તેમ પરમાત્માની પૂજા કરવા આપણે પરમાત્માની મૂર્તિને પૂજીએ છીએ. એ પરમાત્માની જ પૂજા છે. સામાન્ય લોકનેતાની મૂર્તિમાંથી પણ પ્રેરણા મળે છે, તો ઈષ્ટદેવની, પરમાત્માની મૂર્તિથી, એમણે કરેલ આપણા પરના અનંત ઉપકારો તથા દયા, સ્નેહ, પવિત્રતા, સત્ય, અહિંસા વગેરે દિવ્ય સદ્‌ગુણોની અમીટ છાપ આપણા અંતરમાં સહેજે ઊપસી આવે છે. પરમાત્માના ઉપકારોને ભૂલી જઈ આપણે ઘમંડી બની અધોગતિના પંથે લપસી પડીએ છીએ. આ ન થાય એ માટે પરમાત્માના અનંત ઉપકારોનું સતત અનુસંધાન રાખી જીવનમાં નમ્ર બનવા તથા પરમાત્માના દિવ્ય ગુણોને જીવનમાં પ્રગટાવવા માટે જ પરમાત્મા-ઈષ્ટદેવની મૂર્તિપૂજા અત્યંત આવશ્યક છે.

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (પંદરથી વીસ લીટીમાં) (કુલ ગુણ ૬)**

**૧. મંત્ર એટલે શું ? મંત્રજાપ શા માટે ? (૨૫)**

જ. મનુષ્યના મનમાં જે વાત વારંવાર ઘૂંટાય છે, તે વાત મૂર્તિમાન બનતી હોય છે. પ્રત્યેક વ્યક્તિ પોતપોતાના ક્ષેત્ર અનુસાર અમુક ચોક્કસ વિચાર અથવા આદર્શોને સ્વીકારીને તેનું વારંવાર રટણ કરતી જ હોય છે. પોતાના વ્યવસાયમાં પ્રગતિ માટે પ્રયત્નશીલ વેપારી 'ખૂબ પૈસા કમાવા છે' અથવા તો 'કરોડપતિ થવું છે' એવા વિચારોને ઘૂંટતો જ હોય છે. ઉત્સાહી કિશોર અથવા યુવાનના મનમાં 'રમતવીર થવું છે', 'I.A.S. ઓફિસર થવું છે' અથવા 'નેતા બનવું છે' જેવા વિચારોનું રટણ થતું જ હોય છે. અને આ રીતે જીવનમાં અમુક વિચારોને પકડીને તેનો વારંવાર અભ્યાસ કરવાથી જ વ્યક્તિ કંઈક પામી શકે છે. આ વિચાર એ જ મંત્ર. મનનાત્ ત્રાયતે - મનન કરવાથી જે ઉદ્ધાર કરે છે તે મંત્ર. જીવનનું ધ્યેય સ્પષ્ટ કરે તે મંત્ર. ગાંધીજીના મનમાં મંત્ર સ્ફૂર્યો - Quit India - હિંદ છોડો. આ વિચારનું વારંવાર મનન થયું. એમણે આ મંત્ર અનેકને આપ્યો. તેઓના મનમાં પણ આ જ મંત્રનું રટણ થયું. ફળસ્વરૂપે અંગ્રજોને ભારત છોડવું પડ્યું, મંત્ર સાકાર થયો. ટૂંકમાં, કોઈ પણ ક્ષેત્રમાં આગળ વધનાર - સફળ થનાર વ્યક્તિએ પોતાના જીવનમાં ચોક્કસ વિચારોને અપનાવી, તેમને પોતાનો 'જીવનમંત્ર' બનાવી વારંવાર તેનું રટણ કર્યું જ છે. આ દૃષ્ટિએ કઈ મહાન વ્યક્તિએ પોતાના જીવનમાં 'મંત્ર'ને સ્થાન નથી આપ્યું ? આ થઈ લૌકિક સફળતા અપાવનાર મંત્રની વાત. આ જ રીતે આધ્યાત્મિક માર્ગમાં પણ પારલૌકિક ગતિ પામવા માટે મંત્રની આવશ્યકતા સ્વીકારાઈ છે. પરમાત્માના મહિમાને અભિવ્યક્ત કરતો શબ્દ અથવા વાક્ય એટલે મંત્ર. ભગવાનના મહિમાના વિચારથી અંતરમાં પ્રભુપ્રેમ પ્રગટ થાય છે. મહિમાનું - મંત્રનું પુનરુચ્ચારણ એ જ જાપ. વારંવાર એનું સ્મરણ કરવાથી મહિમા દૃઢ થાય છે અને અંતરમાં ભગવાન પ્રગટ થાય છે. આથી જ, મંત્ર એ પણ ભગવાનનું સ્વરૂપ કહેવાય છે.

**૨. મંદિર એટલે શું ? મંદિર શા માટે ? (૪૮-૫૦)**

જ. **મંદિર એટલે શું ?** પરમેશ્વરનો વાસ ક્યાં નથી ? પરમેશ્વરનો ભક્ત, માણસમાં, પશુ-પંખીમાં, વૃક્ષ કે લતામાં, તૃણમાં અરે ! કણેકણમાં સર્વત્ર બિરાજતા એવા પરમેશ્વરના અંતર્યામી સ્વરૂપને, વ્યાપક સ્વરૂપને નિહાળે છે, વંદે છે અને ચાહે છે, પરંતુ ભક્તની સેવા અંગીકાર કરવા, ભક્તને સુખ આપવા પ્રત્યક્ષરૂપે અથવા અર્ચન સ્વરૂપે - મૂર્તિરૂપે ભગવાન જ્યાં બિરાજતા હોય તે આવાસ એટલે જ મંદિર.

**મંદિર શા માટે ?** આગમ શાસ્ત્રો પ્રમાણે રચાયેલાં આ મંદિરોમાં શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ભગવાનની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે. આ લોકમાં પોતાથી મોટા અમલદારની, રાજા વગેરેની મર્યાદાઓ પણ માણસ સ્વીકારે છે, તો પ્રતિષ્ઠિત સ્વરૂપની મર્યાદાઓનો સ્વીકાર ભક્તોમાં સહજભાવે હોય છે. મંદિરોની મૂર્તિ એ પથ્થરોમાં કંડારાયેલ કે ધાતુનાં શિલ્પ નથી, પરંતુ એ સાક્ષાત્ પરમેશ્વર જ છે. આથી જ આ અર્ચાસ્વરૂપની પ્રત્યક્ષ સ્વરૂપ પ્રમાણે જ સેવા-પૂજા થાય છે. પ્રાતઃકાળે ભગવાનને જગાડવા, દંતધાવન કરાવવું, સ્નાન કરાવવું વગેરે પ્રાતઃ ક્રિયાઓથી રાત્રીશયન સુધી સમગ્ર દૈનિક ક્રિયાઓ દ્વારા ભગવાનની સેવા કરવામાં આવે છે. આ સમય-સમયના, ભગવાનનાં વિવિધ દર્શનોમાં તથા સેવામાં ભક્તનું મન નિમગ્ન રહે છે, આનંદિત રહે છે. તદુપરાંત મંદિરોમાં રહેતા, પરમેશ્વરને સમર્પિત શુદ્ધ પવિત્ર જીવન જીવતા સંતોનો સમાગમ પણ મંદિરમાં આવવાથી સાંપડે છે. આ સત્સંગના લાભની કોઈ તુલના થઈ શકે તેમ નથી. આવા સંતોના મુખેથી ઉચ્ચારાતી સાદી અને સરળ પણ અર્થગંભીર વાણી વ્યક્તિના અંતરાત્માને જગાડે છે. અનેકનાં કુસંસ્કારો વ્યસનો છૂટે છે અને તેઓ ભક્તિમય, ધર્મમય સારા સંસ્કારો પ્રાપ્ત કરે છે. સંતોના કથામૃત દ્વારા આત્મા-પરમાત્માના જ્ઞાનનું ઊંડાણ પ્રાપ્ત કરી જીવનમાં સ્થિરતા, શાંતિ પ્રાપ્ત કરે છે. ભગવાનનાં ચરિત્રોનું ગાન, મહિમાનું કથન, ગુણોનું કીર્તન તથા ભગવાનનું ધ્યાન વગેરે ભક્તિમય ક્રિયાઓથી ગુંજતાં મંદિરોમાં પ્રવેશતાં સામાન્ય માણસને પણ પરમાત્માની સંનિધિ અનુભવાય છે. મંદિરોમાં બાળકોને પોષણ આપતી, સંસ્કારિત કરતી, ઊછળતી કૂદતી યુવાશક્તિને સર્જનાત્મક મોડ આપી, સદાચારનો ઓપ આપી વિકસિત કરતી, મહિલાઓને સાચું માર્ગદર્શન આપી માતૃશક્તિ જાગ્રત કરતી અનેકવિધ પ્રવૃત્તિઓની સંસ્કારગંગા વહે છે. માનસિક, શારીરિક કે કુદરતી આપત્તિઓ વખતે માનવીના પડખે ઊભી રહેતી, સહાયભૂત થતી અનેક સામાજિક સેવાઓનું પ્રેરણાબિંદુ પણ મંદિરો જ હોય છે. માણસને ઘડવા માટે મંદિર. સમાજઘડતર માટે મંદિર. સમાજની શુદ્ધિ માટે મંદિર. સદાચારની પ્રેરણા માટે મંદિર. મનની સ્થિરતા માટે મંદિર. ભક્તિ માટે મંદિર. સુખ શાંતિ માટે મંદિર. મંદિર શું નથી ? હવે પ્રશ્ન રહે ખરો કે મંદિરો શા માટે ? મંદિરો આપણા સૌના જીવન માટે - ઉત્કર્ષ માટે જ છે અને અત્યંત જરૂરી છે.

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. - (સામાન્યજ્ઞાન નિબંધ) (પાંત્રીસથી ચાલીસ લીટીમાં) (કુલ ગુણ ૧૫)**

**નોંધઃ નિબંધ એ મૌલિક વિષય છે, તેમાં આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ વિષયને અનુરૂપ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવા.**

૧. **ના દુઃખમાં ઉદ્વેગ અને ન સુખમાં સ્પૃહા :** (૧) જીંદગી એટલે ? ઊંટ પર સવારી. નિત્ય નવા હેલા આવ્યા જ કરે. નિત્ય નવા પડકારોને ઝીલવાની તૈયારી રાખવી જ પડે. અર્જુન અત્યારે આવા હેલામાંથી પસાર - બાહ્ય શત્રુઓ તો ઠીક પણ પહેલાં તો અંતઃશત્રુ દ્વારા પડકાર - આ પડકાર અણધાર્યો - જેને ઝીલવો જ રહ્યો - તેથી ઝઝૂમ્યા વગર કે જીત્યા વગર છૂટકો જ નથી. 'ગીતા' પાર્થને પડકારો ઝીલતાં શીખવે છે. - ઝઝૂમવાની યુક્તિ શીખવે છે, વિજય પ્રાપ્ત થાય તેવો તાકાતવાન બનાવે છે. ભગવાન શ્રી કૃષ્ણ ઉપદેશ દ્વારા તેને સ્થિતપ્રજ્ઞ બનાવી રહ્યા છે.

(૨) આ ઉપદેશ છે : ન દુઃખમાં ઉદ્વેગ, ન સુખમાં સ્પૃહા.

ભગવાન શ્રી કૃષ્ણ કહે છે :

दुःखेष्वनुदिग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितर्धीमुनिरुच्यते ॥

દુઃખોની પ્રાપ્તિ થવા છતાં જેનું મન ઉદ્વેગ નથી પામતું, સુખોની પ્રાપ્તિ થવા છતાં જે નિઃસ્પૃહી રહે છે તથા જેના રાગ ભય અને ક્રોધ નાશ પામ્યા છે એવો મુનિ સ્થિર બુદ્ધિવાળો કહેવાય છે. (ગીતા ૨/૫૬) બુદ્ધિની સ્થિરતા એટલે હૈયાની સ્વસ્થતા. રોજબરોજ થતા સુખના અનુભવો સાથે તેનો ખાસ સંબંધ - જીવન સુખ-દુઃખનો સરવાળો - સુખ-દુઃખનો દરિયો. બંને ખૂબ પ્રભાવક - રોજિંદા જીવન પર તેની અસર - કયારેક ઉત્સાહ, ક્યારેક ઉદ્વેગ, ક્યારેક તાજગી, ક્યારેક કંટાળો. સુખ-દુઃખના હડસેલાથી ઊઠેલા આ તરંગો - આ તરંગોને શાંત સરોવર બનાવી શકાય. જો

આપણે સુખ-દુઃખને પેલે પાર જતા રહીએ તો. સ્થિતપ્રજ્ઞતા એક એવો પ્રદેશ જ્યાં લૌકિક સુખ-દુઃખના હડસેલા નથી. આથી જ કોઈ તરંગો, ખળભળાટ નથી. ત્યાં ફક્ત શાંતિ છે. પરમ શાંતિ - પરમાત્માની શાંતિ.

(૩) દુઃખ કોઈને ગમતું નથી, છતાં આવ્યા વગર રહેતું પણ નથી. અનેક પ્રકારનાં દુઃખો - જેની યાદી ખૂબ લાંબી - દુઃખ થાય તેવી હકીકતો હોય પણ ગમે તેવી પરિસ્થિતિમાં પણ મનને ઉદ્વેગ રહિત રાખવાનો અહીં ઉપદેશ - શારીરિક પીડાને કારણે મનમાં ઉદ્વેગ થાય તે દુઃખ કહેવાય. આવી મુંઝવણને રોકી શકવાની શક્તિ સ્થિતપ્રજ્ઞતામાં - दुःखेषु अनुद्विग्नमनाः - આ લોકના પ્રસંગોની દુઃખરૂપતા કે સુખરૂપતાનો નિર્ણય જે તે મનુષ્ય પર અવલંબિત. દુઃખ તો આવે જ. સત્પુરુષને પણ દુઃખ આવ્યાં છે. સુખની જેમ દુઃખ પણ જીવનની ઘટમાળનો અનિવાર્ય હિસ્સો છે. પરિસ્થિતિ બદલી શકાતી નથી, પણ વિચારોમાં સંતુલન લાવી શકાય છે. સ્થિતપ્રજ્ઞ પુરુષોનું મન પરમાત્મા સાથે એકતાર-કરનાર, હરનાર, તારણહાર કેવળ ભગવાન જ - આ સત્ય જીવનમાં વણાયેલું હોવાથી દરેક દુઃખને દરેક પ્રસંગને પ્રભુનો પ્રસાદ સમજે. દાસના દુશ્મન હરિ કે’દિ હોય જ નહીં, જેમ કરશે તેમ સુખ જ થાશે. આવી તેમની બુદ્ધિ કાયમ નિશ્ચલ અને સ્થિર રહે છે. એક દુઃખરૂપ ઘટના બની ગયા પછી તરત જ બીજી જ ક્ષણે બીજા કાર્યમાં સ્વસ્થપણે જોડાણ - જે બન્યું છે અને બનનાર છે તે ભગવાનની ઈચ્છાથી જ - મુશ્કેલી ભર્યા સંજોગોને લીધે અર્જુનના ઉદ્વિગ્ન મનને ભગવાન શ્રી કૃષ્ણ સ્થિતપ્રજ્ઞતાની દિશામાં દોરી રહ્યા છે. જેનું મન દુઃખમાં પણ ઉદ્વિગ્ન થતું નથી તે સાચો સ્થિતપ્રજ્ઞ છે એવું શ્રી કૃષ્ણ ભગવાનના ઉપદેશનું તાત્પર્ય. - તેવી પ્રત્યક્ષ પ્રમાણ અનુભૂતિ. એક પ્રસંગ જોઈએ. હાર્ટ એટેક તથા બાયપાસ સર્જરી બાદ ૧૯-૨-૨૦૦૭ના રોજ સ્વામીશ્રીને મુંબઈમાં મેડિકલ ટેસ્ટ માટે લઈ જવાયા. સ્વામીશ્રીને આ ટેસ્ટ માટે લઈ જવાતા હતા તે સમયે પણ તેમના મુખ પર કોઈ જ ચિંતા ન હતી. આ ટેસ્ટ લેનાર ડૉ. અશ્વિન મહેતાને આ અનુભૂતિ થઈ. મોટા ધર્મગુરુ હોય કે વડાપ્રધાન દરેકના મોંઢા પર ચિંતા છવાઈ જ જાય છે. સ્વામીશ્રી કહે, ‘આપણે તો ઠાકોરજીને ભેળા લઈને જઈએ છીએ. આપણી ચિંતા એ કરે. એ કર્તા છે. એમની ઈચ્છા હોય એમ જ થાય છે.’ આ જ મહાન પુરુષની સ્થિતપ્રજ્ઞતા. ૧૯૭૪માં સ્વામીશ્રીની પ્રથમ વિદેશ યાત્રા - નૈરોબી એરપોર્ટ ઉપરથી જ પરત - ભવ્ય વિદાય અપાઈ અને પરત આવવાનું થયું. સ્વામીશ્રીના મુખારવિંદ પર કોઈ ફેરફાર નહિ. - ચિત્તની એ જ પ્રસન્નતા - જેવી ભગવાનની મરજી - આંતરિક ભાવોમાં કોઈ ફેરફાર ન થાય તે જ સાચી સ્થિતપ્રજ્ઞતા - પ્ર. ૭૪ વંચાવ્યું - ઠાકોરજી માટે થાળ બનાવડાવ્યો - બધાને આનંદ કરાવ્યો.

(૪) **સુખમાં ન કોઈ સ્પૃહા :-** સુખમાં પણ સ્પૃહા નહીં - આશ્ચર્ય ઉપજાવે તેવી આ બાબત - ગરીબી એટલી પીડાદાયક નથી જેટલી અમીર થવાની સ્પૃહા - દુઃખમાં તો વિચલિત ન થવાય પરંતુ સુઃખમાં પણ વિચલિત ન થવાનો ઉપદેશ - ગીતા આપણને એક ડગલું આગળ લઈ જવા માંગે છે - દુઃખ પચાવવું અઘરું પરંતુ સુખ પચાવવું વધારે અઘરું છે. દુઃખ કરતાં સુખ વિશેષ બંધનકારી. કોઈ વિદ્યાર્થી વાંચતો હોય તેની પાસે તેને ન ગમતી વ્યક્તિ આવે તો તેને દુઃખ થાય કે આણે મારો સમય બગાડ્યો - પરંતુ ગમતી વ્યક્તિ કે પોતાનો ખાસ મિત્ર આવે તો કહેશે કે હું પછી વાંચીશ. આપણે વાતો કરીએ. વાંચન અટક્યું એ નુકસાન બંનેમાં સરખું છે, પરંતુ સુખમાં એની ખબર પડતી નથી. લૌકિક સુખ-દુઃખ માયાનાં બે મહોરાં - એકમાં રડાવીને હેરાન - બીજામાં હસાવીને છેતરે છે. અધ્યાત્મવૃત્તિ તો બંનેમાં તૂટે છે. ભગવાન બંનેમાં ભૂલાય છે. અહીં મહારાજે વચનામૃત ગ. મ. ૨૩માં લૂક અને હિમના દૃષ્ટાંત દ્વારા આખી વાત સમજાવી છે. દુઃખ અને સુખ બંને આંતરિક સ્થિરતાના વિઘાતક - ફરક એટલો કે એક કડવું ઝેર છે. બીજું ગળ્યું ઝેર છે. પણ છે તો બંને ઝેર. ગીતામાં આવી સુખોની સ્પૃહા ન રાખવા પર ભાર - સુખ મળે તેનો વાંધો નહિ પણ તેની સ્પૃહા ન હોવી જોઈએ.

(૫) આંતરિક પ્રસંગોમાં આપણી સ્થિરતા ન ખોરવાય તે માટે ગીતા આપણને સ્થિતપ્રજ્ઞતાની ભૂમિકાએ લઈ જવા ઈચ્છે છે. દુઃખમય ઘટનાઓમાં વિષાદ નહીં અને સુખમય ઘટનાઓમાં પ્રસાદ નહીં એવી સમરસતા કેળવવા પર ભાર મૂકે છે. તો અહીં કદાચ થાય કે આ પ્રકારની સ્થિરતા તો જડતાના પર્યાય સમાન છે. પરંતુ ના ! આના સમાધાનમાં ગીતા કહે છે સ્થિતપ્રજ્ઞતા તો પરમ આનંદથી ભરી-ભરી, જગન્નિરપેક્ષ છે. પરમાત્માના સાક્ષાત્કારથી જન્મેલ પરમ તૃપ્તિના ભાવથી છલકાતા સ્થિતપ્રજ્ઞતા પામેલા સત્પુરુષો હોય છે.

(૬) અહીં ગીતા આપણને સુખના પ્રસંગોને પણ પચાવતાં શીખવે છે. મહાન પુરુષો પરમાત્માના આનંદની એવી અનુભૂતિમાં રમમાણ હોય છે કે તેઓને લૌકિક સુખની કોઈ સ્પૃહા જ રહેતી નથી.

કઈ રીતે સત્પુરુષો આ સ્થિતપ્રજ્ઞતાનું આંતરિક સુખ માણતા હોય છે તે એક ઘટના દ્વારા નિહાળીએ. ૧૯૮૫માં સ્વામીશ્રીની લંડનમાં ભવ્ય સુવર્ણતુલા - હજારો હરિભક્તો, અન્ય મહાનુભાવો - આખી સભામાં જય જયકાર - સૌ કોઈને અપાર હર્ષ - વિદેશની ધરતી પર કોઈ સાધુનું સન્માન એ વિશિષ્ટ ઘટના - પરંતુ સન્માનની એ સુખમય ક્ષણોમાં પણ સ્વામીશ્રીની પ્રતિક્રિયા ગીતાના સ્થિતપ્રજ્ઞને યાદ કરાવે તેવી - આશીર્વાદમાં પણ ઈષ્ટદેવનો આભાર - ગુરુઓનો આભાર - સંતો - પંડિતો - કાર્યકરોને જશ - પોતે ગળગળા થઈ ગયા - આપ બધાના લીધે જ હું આ સેવા કરી શક્યો. પોતાને આ બાબતનો (સુવર્ણતુલા) આનંદ છે તેવો એક પણ શબ્દ તેમના પ્રવચનમાં ન મળ્યો. આટલા સુખમાં પણ લેશમાત્ર ચલિત થયા નહિ. સુખની સ્પૃહા ન રાખી. તેમની સ્થિતપ્રજ્ઞતા જ સ્વામીશ્રીની શાંતિનું પરમ રહસ્ય - આમ, દુઃખમાં ઉદ્વેગ ન પામવો અને સુખની સ્પૃહા ન રાખવી તે સાચા સ્થિતપ્રજ્ઞનું લક્ષણ છે. તે ગીતાનો ઉપદેશ આપણને સમજાવે છે. - ઉહસંહાર

૨. **બી.એ.પી.એસ. - સમાજસેવાની સંજીવની :** (૧) બી.એ.પી.એસ. સંસ્થા સમાજસેવામાં અગ્રેસર - સંસ્થાની ૧૬૦ ઉપરાંતની પ્રવૃત્તિઓમાં સમાજસેવા એ પણ એક અગત્યની પ્રવૃત્તિ. (૨) ઈષ્ટદેવ સ્વામિનારાયણે ભગવાને પણ સમાજસેવાની સરિતા વહાવી - જે આજે પણ એ જ પરંપરાથી ચાલુ જ છે - સમાજ સુદૃઢ હશે તો વ્યક્તિ, સમાજમાં વસતા પ્રજાજનો, ભક્તો વગેરેને શાંતિથી જીવન જીવવાનું, ભગવાન ભજવાનું સુખ (પ્રસંગો) (૩) સમાજસેવાના પ્રકારો : પ્રજાના જળસંચય અભિયાન, શિક્ષણક્ષેત્રે સ્કૂલો, હોસ્ટેલ, ગુરુકુળની સંસ્થા દ્વારા ઉત્તમ વ્યવસ્થા - દૃષ્ટાંતો-પ્રમાણો આપવા. (૪) સમાજમાં ફેલાયેલાં દૂષણો માટે સંસ્થા દ્વારા થયેલા અભિયાન - વ્યસનમુક્તિ, દેહજપ્રથા, બાળકીનો જન્મ થયા પહેલાં જ હત્યા. આ બધા કુરિવાજો સામે સંસ્થા દ્વારા જાગૃતિ અભિયાન. આ બધા માટે સંસ્થા દ્વારા થયેલ કાર્યના આંકડા આપી શકાય તેમજ પ્રસંગો લખી શકાય. (૫) કુદરતી આપત્તિ, ભૂકંપ, રેલસંકટ, દુષ્કાળ સુનામી વગેરેમાં સંસ્થાની અદ્‌ભૂત અજોડ કામગીરી. શારીરિક સ્વાસ્થ્યની વ્યવસ્થા ફરતાં દવાખાના, હોસ્પિટલો વગેરે દ્વારા સાધારણ સ્થિતિના પ્રજા તેમજ ગરીબ વર્ગના લોકોને સસ્તા મૂલ્યે દવા તથા સારવારની સેવા. (૬) સમાજસેવા એ સુદૃઢ સમાજ તૈયાર કરવા માટેની સંજીવની છે. સંજીવની ઔષધ મરણ પથારીએ સૂતેલાને બેઠા કરી શકે એવું ઔષધ. બી.એ.પી.એસ. સંસ્થા સમયે સમયે સમાજની પડખે ઉભા રહીને સમાજને સેવારૂપી સંજીવની ઔષધ આપેલ છે. આર્થિક, સામાજિક, શૈક્ષણિક તેમજ સ્વાસ્થ્યલક્ષી સેવાઓ દ્વારા સમાજને નવચેતન બક્ષ્યું છે. વ્યસનમુક્તિ દ્વારા અનેક કુટુંબોને પાયમાલ થતાં બચાવ્યાં છે તો શૈક્ષણિક સહાય કરીને અનેક ગરીબ વિદ્યાર્થીઓનાં જીવનને ઉચ્ચતમ સ્તરે પહોંચાડ્યાં છે. શાળાઓમાં સંસ્કારલક્ષી શિક્ષણ આપીને ગુરુકુળો, હોસ્ટેલોમાં સારા, સંસ્કારયુક્ત બાળકોની ફોજ ખડી કરી દીધી છે જે સમાજને ખૂબ મદદરૂપ થઈ પડે છે. (પ્રસંગો) આમ, બી.એ.પી.એસ. સંસ્થા એ સમાજસેવાની સંજીવની છે.

૩. **આધ્યાત્મિક પુરુષ પ્રમુખસ્વામી મહારાજ :** (૧) વિશ્વમાં ઘણા મહાન પુરુષો - દરેક મહાપુરુષનું જુદા જુદા ક્ષેત્રે અલગ અલગ પ્રદાન - સામાજિક, આર્થિક, રાજકીય. (૨) પ્રમુખસ્વામી મહારાજ આધ્યાત્મિક પુરુષ. આધ્યાત્મિક ક્ષેત્રે અનેક મહાપુરુષોનું પ્રદાન પરંતુ તેમાં પ્રમુખસ્વામી મહારાજ કલગી સમાન. (૩) પ્રમુખસ્વામી મહારાજનું અનેક ક્ષેત્રે પ્રદાન. સામાજિક સંસ્થાની સામાજિક સેવાઓ ઉદાહરણરૂપ. આર્થિક ક્ષેત્રે અનોખું પ્રદાન - શૈક્ષણિક તેમજ સ્વાસ્થ્ય ક્ષેત્રે પણ પ્રમુખસ્વામી મહારાજનું પ્રદાન. (સેવાઓના પ્રસંગો લખી શકાય) (૪) આ બધા ક્ષેત્રોમાં પણ આધ્યાત્મિક ક્ષેત્રે સ્વામીશ્રીનું નામ વિશ્વભરમાં પ્રસિદ્ધ. દરેક ક્ષેત્રે સંસ્થાની સેવાઓમાં આધ્યાત્મિકતાનો પ્રભાવ જોવા મળે છે - સંસ્થાની સેવા તો કરે પણ સાથે સાથે આધ્યાત્મિક ઉન્નતિ સમાજની થાય તે પણ સંસ્થાનું અનોખું પ્રદાન. (પ્રસંગો લખવા) (૫) સ્વામીશ્રી આધ્યાત્મિક પુરુષ - અધ્યાત્મ ક્ષેત્રે વિશેષ પ્રદાન. ભગવાનની કથાવાર્તામાં જ તેમનો સંપૂર્ણ સમય વ્યતીત થાય. માળા, પ્રભુસ્મરણ જ તેમનું જીવન. ઈષ્ટદેવ પ્રત્યેની સ્વામીશ્રીની પરાભક્તિ શિરમોર સમી - ઈષ્ટદેવને લેશમાત્ર ગૌણ કર્યા નથી - ચોવીસ કલાક ઈષ્ટદેવના જ સ્મરણમાં રમમાણ (પ્રસંગો) (૬) ઈષ્ટદેવની ભક્તિની સાથે ગુરુભક્તિ પોતાના ગુરુ શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજ પ્રત્યેની અનન્ય ભક્તિ. ગુરુનાં વચન અદ્ધર ઝીલનારા પુરુષ - તેમની આજ્ઞામાં ટૂકટૂક - ગુરુનાં વચનને હેઠું ન પડવા દે તેવા પુરુષ - દિલ્હી અક્ષરધામ અને લંડનનું મંદિર ગુરુભક્તિનાં આદર્શ ઉદાહરણો. ગુરુના સંકલ્પો સિદ્ધ

કરવા માટે રાત-દિવસ ઉજાગરા કરીને સંકલ્પોની સિદ્ધિ. વિચરણ, પધરામણી, પત્રલેખન દ્વારા ગુરુએ ખીલવેલ આ ફૂલવાડીને લીલીછમ રાખી છે. (પ્રસંગો) (૭) પોતાના ઈષ્ટદેવ તેમજ ગુરુના આશ્રિત હરિભક્તો, શિષ્યો પ્રત્યે અપરંપાર સ્નેહ - દરેકમાં ઈષ્ટદેવનાં ગુરુનાં જ દર્શન, મહિમાપૂર્ણ સેવાથી સ્વામીશ્રી તરબતર - હરિભક્તો-સંતો માટે શું કરી નાખું તેવા જ વિચારોથી સતત જાગૃત - આ બધાની સાથે સાથે ગુરુએ આપેલ, ઈષ્ટદેવે આપેલ નિયમો, આજ્ઞાઓનું સારધાર પાલન - પંચવિષય, પંચવર્તમાન વગેરેમાં લેશમાત્ર પણ બાંધછોડ ન ચલાવી લે. (પ્રસંગો) (૮) ઉપસંહાર : સત્સંગ સંસ્થા ઈષ્ટદેવ, ગુરુ અને સંતો-હરિભક્તો માટે દેહની પરવા કર્યા વગર જીવન જીવનાર સ્વામીશ્રી ફક્ત આધ્યાત્મિક પુરુષ જ નહિ પરંતુ આધ્યાત્મિક મહાપુરુષ કહી શકાય.

❑ ❑ ❑